દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૧૬ નવેમ્બર, ૨૦૨૬

અમેરિકામાં હવાઈ કટોકટી ગંભીર બાબત ગણી શકાય


અમેરિકાનું કથળતું હવાઈ તંત્ર: વહીવટી બેદરકારી કે માળખાકીય કટોકટી? વિશ્વની સૌથી મોટી મહાસત્તા અને ટેકનોલોજીના શિખર ગણાતા અમેરિકામાં છેલ્લા કેટલાક વર્ષોથી હવાઈ મુસાફરી એક કસોટી બની ગઈ છે. એક સમયે સમયપાલન અને સુરક્ષા માટે જાણીતું અમેરિકન ઉડ્ડયન ક્ષેત્ર આજે વારંવાર સર્જાતી ફ્લાઈટ રદ થવાની ઘટનાઓ, કલાકોના વિલંબ અને એરપોર્ટ પર સર્જાતી અરાજકતાને કારણે ચર્ચામાં છે. આ સમસ્યા માત્ર કોઈ એક ઋતુ કે કુદરતી આફત પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ તેની પાછળ ઊંડા વહીવટી, તકનીકી અને માળખાકીય કારણો જવાબદાર છે. આ સંકટના મૂળમાં સૌથી મોટું કારણ એર ટ્રાફિક કંટ્રોલર્સ (ATC) ની તીવ્ર અછત છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન મોટી સંખ્યામાં અનુભવી કંટ્રોલર્સે નિવૃત્તિ લીધી હતી, જેની ભરતી અને તાલીમ પ્રક્રિયા અત્યંત ધીમી રહી છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) પાસે જરૂરિયાત કરતાં હજારો કંટ્રોલર્સ ઓછા છે. પરિણામે, હાલના કર્મચારીઓ પર કામનું ભારણ અસહ્ય બન્યું છે, જે માનવીય ભૂલની શક્યતાઓ વધારે છે. સુરક્ષા સાથે સમાધાન ન થાય તે માટે FAA ને વારંવાર વ્યસ્ત એરપોર્ટ પર ફ્લાઈટ્સની સંખ્યા ઘટાડવાની ફરજ પડે છે, જેની સીધી અસર મુસાફરોના સમયપત્રક પર પડે છે. બીજું મહત્વનું પાસું જૂની અને અપૂરતી ટેકનોલોજી છે. અમેરિકાનું એર ટ્રાફિક કંટ્રોલ નેટવર્ક હજુ પણ દાયકાઓ જૂની રડાર અને કોમ્યુનિકેશન સિસ્ટમ પર નિર્ભર છે. જાન્યુઆરી ૨૦૨૩માં 'નોટામ' (NOTAM - Notice to Air Missions) સિસ્ટમમાં સર્જાયેલી તકનીકી ખામીને કારણે સમગ્ર અમેરિકામાં હજારો ફ્લાઈટ્સ થંભી ગઈ હતી, જે આ તંત્રની નબળાઈનો જીવતો પુરાવો છે. આધુનિક સેટેલાઇટ આધારિત નેવિગેશન સિસ્ટમ (NextGen) લાગુ કરવાની યોજનાઓ બજેટના અભાવે અને સરકારી દફતરશાહીમાં અટવાયેલી પડી છે. આ ઉપરાંત, એરલાઇન્સ કંપનીઓની વ્યાપારી નીતિઓ પણ આ સમસ્યાને વકરાવે છે. નફો વધારવાની હોડમાં ઘણી એરલાઇન્સ કંપનીઓ પોતાની ક્ષમતા કરતાં વધુ ફ્લાઈટ્સનું આયોજન (ઓવર-શેડ્યુલિંગ) કરે છે. જ્યારે કોઈ એક એરપોર્ટ પર ખરાબ હવામાન કે તકનીકી ખામી સર્જાય, ત્યારે આખું નેટવર્ક પત્તાના મહેલની જેમ તૂટી પડે છે. પાઇલટ્સ અને ક્રૂ મેમ્બર્સના ડ્યુટીના કલાકોના કડક નિયમોને કારણે, એક ફ્લાઇટ મોડી પડે તો તેની અસર આગામી અનેક ફ્લાઇટ્સ પર પડે છે, કારણ કે ક્રૂ મેમ્બર્સનો કામનો સમય પૂરો થઈ જાય છે. જળવાયુ પરિવર્તન અને અસામાન્ય હવામાન પણ એક મોટો પડકાર બનીને ઉભર્યા છે. અમેરિકામાં વાવાઝોડા, ભારે બરફવર્ષા અને ઉનાળામાં અત્યંત ગરમીની ઘટનાઓ વધી છે. અત્યંત ઊંચા તાપમાનમાં વિમાનોને ટેક-ઓફ કરવામાં મુશ્કેલી પડે છે, જ્યારે ભારે તોફાનોને કારણે કલાકો સુધી એરસ્પેસ બંધ રાખવી પડે છે. આ સમગ્ર પરિસ્થિતિમાં વિમાન ઉત્પાદક કંપનીઓ, ખાસ કરીને બોઇંગમાં સર્જાયેલી ગુણવત્તા અને સુરક્ષા સંબંધિત ખામીઓએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. નવા વિમાનોની ડિલિવરીમાં વિલંબ થવાથી એરલાઇન્સ જૂના વિમાનો પર નિર્ભર છે, જેમાં મેન્ટેનન્સની સમસ્યાઓ વધુ રહે છે. નિષ્કર્ષ રૂપે કહી શકાય કે અમેરિકાનું હવાઈ સંકટ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ વર્ષોની વહીવટી ઉદાસીનતા અને માળખાકીય રોકાણના અભાવનું પરિણામ છે. જો અમેરિકન સરકાર અને ઉડ્ડયન તંત્ર તાત્કાલિક ધોરણે એર ટ્રાફિક કંટ્રોલર્સની ભરતી નહીં કરે, જૂની ટેકનોલોજીને અપગ્રેડ નહીં કરે અને એરલાઇન્સ કંપનીઓની જવાબદારી નક્કી નહીં કરે, તો આગામી સમયમાં અમેરિકાનું આકાશ મુસાફરો માટે વધુ અનિશ્ચિત અને તણાવપૂર્ણ બની રહેશે.

ભારતીય ચિત્રજગતને ચીતરનારા કલાગુરૂ અવનીન્દ્રનાથ

માત્ર સાહિત્ય નહીં, અન્ય કળા સ્વરૂપો સાથે પણ ઘનિષ્ઠ સંબંધ હોવા જોઈએ. મનુષ્ય મનને સમજવા માટે, આ બ્રહ્માંડ વચ્ચે આપણું હોવું સમજવા માટે ફક્ત સાહિત્ય નહીં ચાલશે. રવીન્દ્રનાથ ટાગોર અને તેમના કુટુંબમાં સાહિત્ય, ચિત્રકળા, રંગભૂમિ, સંગીત, સ્થાપત્ય સહિતની કળા વચ્ચે સામંજસ્ય હતું. બહુ જાણીતા ઉદાહરણમાં રવીન્દ્રનાથ જો ગુરુદેવ કહેવાયા તો તેમના જ ભત્રીજા અવનીન્દ્રનાથ કલાગુરુ તરકે ઓળખ પામેલા. બંગાળ સ્કૂલ ઓફ આર્ટના પ્રણેતા અને કલાભવનનાં આદ્ય સ્થાપકોમાંના એક એવા અવનીન્દ્રનાથના સ્મરણોનું એક પુસ્તક હમણાં અનુવાદરૂપે પ્રાપ્ત થયું છે. રાની ચંદ ટાગોર કુટુંબ સાથે પારિવારિક સંબંધ ધરાવતા હતા અને અવનીન્દ્રનાથ પાસે તો તેઓ ચિત્રકળા શીખેલા. ગુરુદેવના અવસાન પછી શાંતિનિકેતનનું આચાર્યપદ સંભાળનાર અવનીન્દ્રનાથે સ્વયં પોતાના સ્મરણો લખાવડાવેલા અને રવીન્દ્રનાથ ટાગોરે એ સ્મરણો જોયા પછી પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું સૂચન કરેલું. 'કલાગુરુ અવનીન્દ્રનાથ' નામે રાની ચંદના મૂળ બંગાળી પુસ્તકનો સુજ્ઞા શાહે કરેલો અનુવાદ ગુજરાતનાં સહુ ટાગોર રસિકોને ફરી શાન્તિનિકેતનનાં સુવર્ણ યુગમાં અને અવનીન્દ્રનાથે જે અભિનવ કળાદૃષ્ટિથી બંગાળ સ્કૂલ ઓફ આર્ટની સ્થાપના કરી તે સમયમાં લઇ જાય છે.

ટાગોર અને પછી બંગાળી સર્જકોએ એક આગવીભાષા સર્જી દીધી હતી. જગત આખું લીલામય છે એવો દાર્શનિક અભિગમ અને સર્જકોનાં આલેખનમાં છે અને તેથી ભાષાભંગિમા, શબ્દોની પસંદગી અને કાવ્યાત્મક સંકુલતા સાથે જ સહજપણે રચાતો અવકાશ ભાવકમાં એક નોખી અનુભૂતિ જગાડે છે. આ અનુવાદમાં પણ ભાવક તેનો અનુભવ કરશે. અવનીન્દ્રનાથ 7 ઓગસ્ટ 1871માં જન્મ્યા અને 5 ડિસેમ્બર 1951 મૃત્યુ. અંગ્રેજ શાષકોનો પ્રભાવ જે નગરોએ ઝીલ્યો હોય તેમાં કોલકાતા છે. ટાગોર કુટુંબના વૈભવમાં પણ અંગ્રેજોની વ્યવસ્થા જ છે પણ કળા ક્ષેત્રે ભારતીયતાનો આગ્રહ ટાગોર અને અવનીન્દ્રનાથ ટાગોરની સાહિત્ય-કળાપ્રવૃત્તિમાં રહ્યો. ચિત્રકળામાં ભારતીયતાનો આગ્રહ મુશ્કેલ હતો કારણ કે જેને ભારતીય કળાપ્રકારો તરીકે અને પછી જેને ભારતીય પરંપરા તરીકે ગૌરવ આપતી ઓળખ સ્થાયી બની તે તો અવનીન્દ્રનાથ જેવાએ શોધી આપવાની હતી. મુઘલ અને રાજસ્થાનની શૈલી, અજંતા-ઇલોરા અને ભીમબેટકાના ગુફાચિત્રો, મધુબની, પિઠોરા, પહાડી, કાલીઘાટ જેવી ચિત્રકળા આપણે ત્યાં વિકસેલી હતી પણ અંગ્રેજો જે ભણાવતા એ જ ભારતનાં ચિત્રકારો માટે અપનાવવા જેવા ઉદાહરણો તે શૈલી પ્રકારો હતા. રાની ચંદના સંસ્મરણો અવનીન્દ્રનાથનાં કહેવાને સાચવવાનું કામ કરે છે. રાની ચંદ લખે છે કે 'ગુરુદેવ ચાલ્યા ગયા. જતાં પહેલાં તેઓએ અવનીન્દ્રનાથને બંગાળમાં સરસ્વતીના માનીતા પુત્રના આસને બેસાડ્યા. કહી ગયા, 'અવનીન્દ્રનાથે આત્મનિંદામાંથી દેશનો ઉધ્ધાર કર્યો છે. આત્મગ્લાનિમાંથી એને બચાવીને સન્માન આપી ઉધ્ધાર કર્યો છે, ટાગોરનું ભત્રીજા વિશે કહેવું સાચું હતું.

આ પુસ્તકમાં અવનીન્દ્રનાથની કુટુંબછબિ નહીં કલાગુરુ તરીકેની છબિ જ ઉપસે છે અને તેનું જ ઔચિત્ય છે. ચિત્રકળા વિશે તેમના વિચારો આજે પણ કોઇ ચિત્રકાર કે ચિત્રશાળા માટે એવા જ અપનાવવા જેવા સૂત્રો સમા છે પણ તેમણે બાળકો માટે લાકડાના રમકડાંનાં સર્જનને પણ ખાસ મહત્વનું માનેલું. એ સમયે તો આમ પણ બાળકો માટે રમકડા કે સંગીત-ગીત, નાટક, વાર્તાનો ઓછો વિચાર



પુસ્તકઃ કલાગુરુ અવનીન્દ્રનાથ **લેખિકાઃ** રાની ચંદ **અનુવાદઃ** સુજ્ઞા શાહ **પ્રકાશકઃ** ઝેન ઓપસ, અમદાવાદ-380009 **મૂલ્યઃ રૂા. 375/-**

થતો. અવનીન્દ્રનાથ સતત રમકડાં બનાવતાંઅને તે પ્રવૃત્તિને તેઓ કુટુમ-કાટામ કહેતા. રમકડાં તેમના માટે એટલા જીવંત હતા કે કોઈના વાળ વધારે હોય કે આંખ મોટી હોય યા વાઘ (ના રમકડા) પાસે બકરી(નું રમકડું) હોય તો ચિંતા કરે. આ પ્રકારની સંવેદનશીલતા તેમની ઓળખ હતી. બાળકોના હાથે રમકડા તૂટી જાય તો કહેતા બાળકના હાથે ઢીંગલી ભાંગી જાય- એમાં જ ઢીંગલીની સાર્થકતા. આ સ્મરણોમાં અવનીન્દ્રનાથને સતત બાંધતા-ઘડતા 'રવિકા' એટલે કે રવીન્દ્રનાથ છે. જાણે પોતાનું બધું તપ રવિકા નામની તપોભૂમિમાં થયું છે. એટલે રવીન્દ્રનાથ વિદાય થાય છે ત્યારે પોતે એકલતા અનુભવે છે. પણ સાથે જ નોંધે છે, 'કેટલી મોટી એક શકિત, એવો એક મહાપ્રાણ, એ શું કયારેય લુપ્ત થઇ જાય? થઇ જ ન શકે. એમની કીર્તિ હંમેશા રહેશે. તેઓ વર્તમાનમાંથી જે આપી ગયા છે, એમના અવર્તમાનમાં પણ તમે બધા પામશો! ટાગોર અવનીન્દ્રનાથનાં 'અવન' સંબોધન કરતાં.

ચિત્રકળામાં જેઓ પ્રવૃત્ત છે તેમણે આ સ્મરણો અચૂક વાંચવા જોઇએ અને ચિત્રકળા ભણાવતી શાળા-કોલેજમાં તેનું સ્થાન હોવું જોઈએ. ચિત્રકળા વિશે, રંગો વિશે, રેખા વિશે, ચિત્રકારોનો ચિત્ર વિશેનો અભિગમ કેવો હોવો જોઇએ એ બધું અહીં વાંચવા મળશે. 'આર્ટની બે બાજુ, એક છે રૂપની બાજુ, એટલે આંખની બાજુ. રેખાથી ત્યાં એ આંખના રૂપનેપકડી શકો. બીજું છે ભાવનું રૂપ, એટલે કે મનની બાજુ. મનનાં રૂપને ચિત્રમાં લગાવવું હોય તો રૂપના બંધનમાં એને રાખી ન શકાય. તે વખતે ત્યારે એને હવામાં, પ્રકાશમાં, પાણીમાં રમવું હોય. જે હવા, પાણી, પ્રકાશમાં આપણે જીવીએ છીએ, એની વચ્ચે એને છોડી દેવું પડે. 2. 'લાઇન લાઇન કરો છો, કેટલી જાતની લાઇન હોય છે ચીની ચિત્રકારે બિલાડી દોરી, દરેક લાઇન જાણે અડીએ તો નરમ લાગે, એવો ભાવ. લાઇનને દીવાલ તરીકે ગણી લેવી તે ભૂલ.' 3. રાજનીતિ કરો તો ચિત્ર કરવાનું છોડી દો. ચિત્ર દોરો તો રાજનીતિ છોડો. કલાકારની રાજનીતિ અલગ. 4. કયા રસે ચાલું? સામે અનેક ધારા. કઇ ધારામાં જીવન નદીનો સ્ત્રોત વહાવું?

અવનીન્દ્રનાથ શરૂઆતમાં દેવોના ચિત્ર કરનારા ચિત્રકારોની એક મુંઝવણ વિશે પણ લખ્યું છે. દેવોને દાઢીવાળા ચીતરવા કે નહીં? 'એક વખત શિવને દાઢી હશે કે નહીં હોય, કેટલો તર્ક થયો હતો. શાસ્ત્રમાં જોઇને શોધવું પડયું. આપણા દેવતાઓ સ્થિર યૌવનનાં પ્રતીક. દાઢી કાઢી નાખી! ભારતીય ચિત્રકારોએ દેવ દેવી ચીતરવા કેવા સંઘર્ષ કરવા પડયા છે તેનો ખ્યાલ આ સ્મરણો કયાંક આપે છે. 'કલાગુરુ અવનીન્દ્રનાથ' વાંચો તો તેમાં ત્યારના ભવનો અને તેમાં થતી પ્રવૃત્તિઓ વિશે પણ ખૂબ રસપ્રદ વિગતો મળશે. નંદલાલ બોઝ પણ આ સ્મૃતિલેખાનું પાત્ર છે. કલાભવનના ગુરુ અને શિષ્યો ત્યારે જે કળાપ્રવાસ કરતાં તે પણ અહીં વિગતે છે. ભારતની ચિત્રકળા કે શિલ્પકળા કે સ્થાપત્યકળા તો પ્રવાસો વિના માણી કે જાણી જ ન શકાય. એક અર્થમાં ભારતમાં ચિત્રકળા શિક્ષણનું સ્વરૂપ પણ અવનીન્દ્રનાથે ઘડેલું. ઇન્ડિયન આર્ટ સોસાયટીનાં વાર્ષિક પ્રદર્શન યોજાતાં ત્યારે કલાભવનના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને લઇ જવાતા. નંદલાલ બોઝ કહે છે 'ગુરુ શિષ્યનો સંબંધ- ગુરુ જે આપે તે શિષ્ય શ્રધ્ધાપૂર્વક ગ્રહણ કરે. એવું ન હોય તો ન ચાલે. જો શિષ્ય શ્રધ્ધાપૂર્વક એ ગ્રહણ ન કરી શકે તો ગુરુનું આપવાનું પણ અટકી જાય.'

આ એક ન ચૂકવા સમું પુસ્તક છે. હા, તમને ચિત્રકળા માટે પ્રેમ હોય, ટાગોર કુટુંબ માટે સન્માન હોય, તેમણે કરેલા કામોને દેશવ્યાપક પ્રભાવકતા સંદર્ભે જોઇ શકતા હો તો ન ચૂકવું. અવનીન્દ્રનાથ વિશે રવીન્દ્રનાથે કહેલું, 'આ એક એવી વ્યકિત જેણે કલાજગતમાં યુગપરિવર્તન કર્યું છે. દેશની સર્વ રુચિ બદલી નાખી છે. 'ભારતીય ચિત્રકળા પછી તો અનેક દિશામાં આગળ ધી છે અને વિશ્વની ચિત્રકળામાં ભારતીય ચિત્રકળા, ચિત્રકારો સન્માન પામ્યા છે. એ બધું અવનીન્દ્રનાથથી આરંભાયું છે. સુજ્ઞા શાહે અનુવાદ વડે એક ઉત્તમ પુસ્તકનો ઉમેરો કર્યો છે. હા, તેમનો અનુવાદ એટલો શ્રધ્ધેય બની શકયો નથી. ઘણીવાર વાકયરચના પણ દુરુહ બને છે. ગુજરાતી શબ્દ પસંદગીમાં પણ વાચક અકડાઇ જાય એવો દોષો કરે છે. નગીનદાસ પારેખ, સુરેશ જોષી, જયંત મેઘાણી જેવા અનુવાદકોએ બંગાળનું ઉત્તમ વધારે પ્રાસાદિક અનુવાદ વડે ગુજરાતી બનાવ્યું છે. સુજ્ઞા શાહ એક ઉત્તમ ગ્રંથ ગુજરાતીમાં લાવ્યા તેનો આનંદ અને વધુ સારો અનુવાદ ન આપી શકયા તેનું દુ:ખ. પણ ગુજરાતમાં અવનીન્દ્રનાથ વિશે કુલ ત્રણ પુસ્તકો થયા અને આ ત્રીજું છે તેનો અદકો આનંદ.

આજનો શબ્દ છે : **ચોપટ**

આ શબ્દ પરથી તો ચોવટિયા અટક પણ પડી છે અને ચોવટ એટલે પારકી પંચાત કરવી, નકામી લાંબી દોદડાહી વાત કરવી એવો અર્થ આજે સ્થિર થયો છે પણ વ્યુત્પત્તિ મુજબ તો તે સંસ્કૃત શબ્દ ચતુષ્પથ પરથી એટલે કે ચાર રસ્તાનો સમૂહ, ચોટો કે ચકલો જેનો અર્થ થાય તે 'ચતુષ્પથ' પરથી ઊતરી આવ્યો છે. નગરના ચાર રસ્તા ભેગા થાય ત્યાં લોકો ભેગા થતા, ગામના વહીવટ કે ન્યાય-ચુકાદા સંબંધી ચર્ચા કરતા- આના પરથી ચોવટ શબ્દ આવ્યો અને જે વ્યક્તિ પારકા કામમાં માથું મારે તેને ચોવટિયો કે ચોવટિયણ કહેવા માંડ્યાં. એટલે કે જે ચતુષ્પથ એટલે કે ચાર રસ્તે ભેગા થતાં તેમાંય ચોવટ શબ્દ આવ્યો છે.

વચન

શરીરનું કોઈ પાપ-પુણ્ય નથી હોતું, જે કાંઇ પણ હોય છે તે મનનું હોય છે.

સુનીલ ગંગોપાધ્યાય
(બંગાળી ભાષાના નવલકથાકાર)

દુનિયા ચુપચાપ પૂછે છે - તમારી
પાસે અમને કહેવા જેવું શું છે? - બસ,
એ ક્ષણે લેખકની જવાબદારી, દુવિધા
અને આનંદ જન્મ લે છે.

એમ. ટી. વાસુદેવન નાયર
(મલયાલમ ભાષાના નવલકથાકાર)

સાહિત્યના કોમળ છોડને રાજનીતિની ભેંસથી બચાવવો જરૂરી છે.

ફણીશ્વરનાથ રેણુ
(હિન્દી ભાષાના નવલકથાકાર)

જગતમાં જેટલા પણ ધનવાન વ્યક્તિ છે, તેમાંથી જે ઘણા છે તે દલાલી કરીને- વસ્તુ યા વ્યક્તિત્વના ગુણને વેચવામાં માધ્યમ બની પૈસા કમાનારા છે. આ દલાલી વસ્તુ અને વ્યક્તિત્વના મૂલ્યાંકન અને મૂલ્ય ગ્રહણમાં બાધક હોય છે.

મોહન રાકેશ
(હિન્દી ભાષાના નાટ્યલેખક, નવલકથાકાર)

બર્યો અસ્ત્રીનો અવતાર - એનાથી અજાણ્યે ભૂલ થઈ હોય તોય જીવતર ધૂળ થઈ જાય. એમાંય જુવાની સાચવવી એ કંઈ રમત છે? આ તો પુરુષ પકડાય નહીં ને અસ્ત્રી ફજેત થાય છે એટલું જ!

ઈશ્વર પેટલીકર
('ચોથો મહિનો' વાર્તામાં)

હું પૂછું, તમે કહો

(૧) અનિલ ચાવડા જેવા ગઝલકારે લખેલી 'શિખંડી' નામે નવલકથા ગયા વર્ષે જ પ્રગટ થઈ. પણ તેનાં ઘણાં વર્ષ પૂર્વે 'શિખંડી' નામનું ખંડકાવ્ય આપણા એક કવિએ લખેલું. તો એ પ્રસિદ્ધ ખંડકાવ્યનો કવિ કોણ?
(ક) દિલીપ ઝવેરી (ખ) ભરત વિંઝુડા
(ગ) વિનોદ જોશી (ઘ) રાજેન્દ્ર શુકલ

(૨) ઈશ્વર પેટલીકરની બહુપ્રસિદ્ધ વાર્તા 'લોહીની સગાઈ'માં જન્મથી ગાંડી અને મૂંગી દીકરીનું નામ મંગુ છે તો તેને બધા સંજોગો વચ્ચે સાચવનાર તેની માનું નામ શું હોય છે?
(ક) ગજરાકાકી (ખ) અમરતકાકી
(ગ) સવિતાબહેન (ઘ) રોહિણી

(૩) જેમનું મૂળ નામ ગજકંદ રામજી અર્જુન છે, જેઓ મૂળ કચ્છ અબડાસા-કચ્છના હતા, અને જેમના હાથે 'સુવર્ણના નિઃશ્વાસ', 'કાદવનાં કંકુ', 'અગનફૂલ', 'ખારાં પાણી' જેવા પુસ્તકો પ્રગટ થયાં છે એવા આ વાર્તાકાર પોતાના નામે મૂળ નામ નહીં, ઉપનામથી જાણીતા હતા. કહો, એ ઉપનામ શું છે?
(ક) ધૂમકેતુ (ખ) બકુલેશ
(ગ) રામચન્દ્ર પટેલ (ઘ) જિપ્સી

(૪) રણજિતરામ મહેતાની સ્મૃતિમાં ૧૯૨૮થી રણજિતરામ સુવર્ણચંદ્રક અપાતો હતો. આ બહુ જ પ્રતિષ્ઠિત સુવર્ણચંદ્રક ભલે ૨૦૧૫ પછી કોઈને નથી અપાયો પણ તેની પ્રતિષ્ઠા ઘણી હતી. આ સુવર્ણચંદ્રક કઈ સંસ્થા આપતી હતી?
(ક) ગુજરાત સાહિત્ય સભા (ખ) ગુજરાત સાહિત્ય અકાદમી
(ગ) ગુજરાતી સાહિત્ય પરિષદ (ઘ) ફાર્બ્સ ગુજરાતી સભા

(૫) રવીન્દ્રનાથ ટાગોરના એ ભત્રીજા જેઓ બંગાળ સ્કૂલ ઓફ આર્ટના પ્રણેતા અને કલાભવનના આદ્ય સ્થાપક તરીકે મશહૂર છે. જેમના પર લખાયેલું રાની ચંદનું પુસ્તકનો આ વર્ષે જ ગુજરાતી અનુવાદ પ્રગટ થયો છે એ ચિત્રકાર, કલાગુરુ અને ટાગોરના ભત્રીજાનું નામ શું છે?
(ક) દ્વારકાનાથ ટાગોર (ખ) ગિતિન્દ્રનાથ ટાગોર
(ગ) ગગનેન્દ્રનાથ ટાગોર (ઘ) અવનીન્દ્રનાથ ટાગોર


જવાબ
૧-ખ, ૨-ક, ૩-ઘ, ૪-ક, ૫-ઘ

આગવા સંવેદના વિશ્વ, પાત્રો, પરિવેશ અને અભિવ્યક્તિની શોધ સાથેની વાર્તાઓ

ગુજરાતી વાર્તાક્ષેત્રમાં અત્યારે સૌથી વધુ નવોન્મેષ અનુભવાય છે. સુરેશ જોષી પણ કવિતા અને વાર્તાક્ષેત્ર જ વધારે પરિવર્તક કામ કરી શકેલા અને આજે વાર્તામાં જ વધારે પ્રભાવક કામ થાય છે. સમીરા દેખૈયા પત્રાવાલાના 'ફકીરની પાળ' વાર્તાસંગ્રહની 17 વાર્તાઓ ફરી તેની પ્રતિતિ કરાવશે. આધુનિકતાનાં વ્યામોહ પછી વાર્તાઓ પ્રયોગશીલ તો રહી છે પણ તેના વિષય, ભાષા-શૈલી, આલેખનની રીતિમાં અનુભવાતી ચમત્કૃતિ અધુના સમયની છે. પરિવેશની બાબતે પણ તે વધારે બની છે. હતાશા, એકલતા બીજા માણસ પ્રત્યેના અભાવ વગેરે લક્ષણો જ્યાં રહ્યાં છે તેમાંય આપણાં સમાજનો સંદર્ભ અનુભવાશે. છેલ્લા બે-અઢી દાયકાના વાર્તાકારો ક્યાંકને ક્યાંક જૂથપ્રવૃતિમાંથી પણ આવ્યા છે. સૌરાષ્ટ્રના હોય, સુરતનાં હોય કે મુંબઈના હોય તેઓ જૂથમાં રહ્યા છે.

સાહચર્ય, સુજોસાફો પછી પણ એવા જૂથો બન્યા અને રાજુ પટેલ જેવાએ પણ તેનું નેતૃત્વ કર્યું. વાર્તાક્ષેત્રે પરિષ્કૃતિનું ય આંદોલન ચાલ્યું હતું. કિરીટ દૂધાત જેવા વાર્તાકારે સતત નવા વાર્તાકારોમાં રસ દાખવ્યો. આ બધા કારણે વાર્તાકળાને અને વાર્તાકારોને ખૂબ લાભ થયો છે.

સમીરા દેખૈયા પત્રાવાલાની વાર્તાઓ રસાળ છે પણ અભિવ્યક્તિમાં તેઓ એવું કથનાત્મક રહસ્ય ઊભું કરે કે અંત સુધીમાં તમને તેમના પાત્ર, પરિવેશ જોવાની રીતમાં નોખાપણું અનુભવાશે. તેઓ બહુ મેદ ઊભો કરતા નથી કે કારણ વિના બૌધ્ધિક ચમત્કૃતિ પણ ઊભી કરતા નથી. તેઓનો કૌટુંબિક પરિવેશ મુસ્લિમ છે એટલે સહજ રીતે જ દીદાર, સોગ, મૈયત, કયામત, દજ્જલ, નવાસી, રહેનુમા, હિસાબ જેવા શબ્દો આવી જાય છે પણ જ્યાં જૂદા પાત્રોને પરિવેશ હોય તો ત્યાં પણ એક સજ્જ વાર્તાકાર તરીકે પ્રામાણિક આલેખન કરી શકે છે. એમની બીજી વિશેષતા એ પણ છે કે ગ્રામ્યજીવન આલેખતી વેળા બોલાશની સહજતા હોય અને મુંબઈ જેવા નગરમાં રચાતી વાર્તાવેળા તેમનો શબ્દભંડોળ આધુનિક જીવનશૈલીને અનુકુળ હોય. એક બીજી પણ વાત નોંધવી જોઈએ કે તેઓ જીવન વચ્ચે રહી



વાર્તાતત્વની શોધ કરે છે એટલે વિષય અને અભિવ્યક્તિમાં પ્રામણિકતા અનુભવાય છે. કિરીટ ફધાતે આ વાર્તાસંગ્રહને આરંભે સમીરા દેખૈયા પત્રાવાલાની વાર્તાઓની સઉદાહરણ ચર્ચા કરી છે તે કેટલાક નિરીક્ષણો તારવ્યા છે જેમ કે (1) એનાં મુખ્ય પાત્રો કોઈ ન કોઈ રીતે સમાજથી, કુટુંબથી કે ખુદ પોતાનાથી પણ કપાઈ ગયેલાં છે. સમીરાની વાર્તાઓમાં આ રીતે કપાઈ જવું એ એક સતત ચાલતું રહેતું થીમ છે!

(2) 'દરવાજે કોઈ આવ્યું હતું' વાર્તા વિશે લખતાં કિરીટ દૂધાત લખે છે. 'અત્યારે હિન્દુ-મુસ્લિમ સમસ્યાઓએ જે રીતે આખા દેશને ચગડોળે ચડાવ્યો છે એમાં એનો જે ઉકેલ સમીરા આપે છે એ અજમાવ્યા સિવાય આ પ્રશ્ન કદી હલ થવાનો નથી. ' (3) 'આજકાલ કે નવોદિતો વાર્તા લખી રહ્યા છે. એ એમના પ્રયત્નો સર્જકીય ગદ્ય સિધ્ધ કરવાને બદલે વ્યવહાર ભાષાથી વાર્તા સિધ્ધિ કરવાના હોય છે. કિરીટ દૂધાતે 'દરવાજે કોઈ આવ્યું હતું. કોણ એ ખબર નહીં અને સિગ્નલ વગરની જિંદગીને ગુજરાતી ભાષામાં વિશિષ્ટ કહી શકાય એવી વાર્તાઓ ગણાવી છે.

સમીરા દેખૈયા પત્રાવાલાના કથકો પણ નાવિન્ય રચે છે. દીવાલ શું વાર્તા કહી શકે? 'ફકીરની પાળ ' માં દીવાલ સ્વયં આત્મકથન ભાવે વાર્તા કહે છે. જીવવાના ભયમાં પ્રકૃતિ સાથે મનુષ્ય જે વ્યવહાર કરે છે તેમાં પ્રકૃતિને કોઈ પૂછે છે ખરું? વાર્તામાં દીવાલ જે કથન કરે છે તેમાં ત્યાં આવીને વસી જતો ફકીર નાટકીયતા ઊમેરે છે. એ કોઈ ખરેખરો ફકીર જ છે એવું નથી પણ જોતજોતામાં માનતાનો કોલ મુકાતો જાય છે. વાર્તાકાર દીવાલને વધારે જીવંત ત્યારે બનાવે છે જ્યારે તેના મોઢે, 'અધૂરી માનતાઓના કાંટા રાત-દિવસ મને વાગ્યા કરતા અને લોકોનાં સપનાં લીમડાની ફરતે વીંટળાયાં કરતાં. ' દીવાલને જડ ગણીએ છીએ પણ તે જીવંત મનુષ્યોને જે રીતે આલેખે છે તેમાં પાત્રગત બળ પ્રવેશ્યું છે. વાર્તા તેના અંત સુધીમાં પોતાના કથયિત્વનાં નવા પરિણામ સિધ્ધ કરે છે. આ એક અત્યંત રસપ્રદ વાર્તા છે. આ વાર્તાકારની એક વિશેષતા એ પણ છે કે તેઓ વાર્તાના કથનમાં જ, એ વાર્તાના પાત્ર, પરિવેશ, સંજોગ નિમિત્તે રચાતાં આગવા નિરીક્ષણ પણ ઉમેરે છે. જેમ કે 'ફકીરની પાળ'માં 'આમેય દુ:ખને પણ ક્યાં કોઈ ધર્મ હોય છે' યા 'વાવણી'માં 'અહીં આંબલી અને ધુમાડા ભલે ન હોય પણ ગામડું અને શહેર પણ નથી. અહીં તો ફક્ત અમીરી અને ગરીબી વસે છે'. ક્યારેક એકાદ વિધાન આખી વાર્તાને તેનો અર્થ આપી દે છે જેમકે 'સિગ્નલ વગરની જિંદગી' માં 'જો કે જુવાન થતી છોકરી વારસદાર બની દેવી બની પૂજાવા નથી માગતી. એને લગ્ન કરવાં છે અને બાળકો પેદા કરવાં છે'. 'છાંટા' વાર્તામાં સ્ત્રી જ આલેખી શકે એવો પ્રશ્ન બે પેઢી વચ્ચે ઊભા રહી આલેખ્યો છે. સમીરા દેખૈયા પત્રાવાલા એવી સંવેદન સૂક્ષ્મતા દાખવે છે કે વાર્તા વિષય અચાનક તેના ભાવકને વિચારતા કરી મૂકે. વાર્તા સંગ્રહના આરંભે કીરીટ દ્રધાત જ નહીં રાજુ પટેલ અને સુનીલ મેવાડાના પણ લેખ છે અને એ ત્રણે વારતાકારના વિશેષોને બહુ રસ પૂર્વક નોંધે છે. સુનીલ મેવાડા નાંધે છે કે, 'જીવન સમીરાનું કુતૂહલ એમની આખોમાંથી વર્તાયા વગર રહેતું નથી. કદાચ, એ કુતૂહલ જ એમના કલાપ્રેમ-વાર્તાસર્જનતા મૂળમાં છુપાયેલું હશે'. વર્તમાન સમયના વાર્તાકારો વિશે આ રીતે વાત થતી હોય તો વધુ સારુ છે કારણ કે એક સમયે આધુનિકતાના નામે ઉછીના લીધેલા દાર્શનિક વિચારો, હતાશા, એકલતા ગુજરાતી વારતાને પારકી અને નિરસ બનાવતા હતા. સમીરામાં એવી સજ્જતા વર્તાય છે કે ભવિષ્યમાં વધુ પ્રભાવક વારતા ઓ આપી શકશે. (૪) અત્યારે તો એવું પણ ઉમેરી શકાય કે વર્તમાન સમયમાં ઘણા બધા સ્ત્રીવાર્તાકારો સક્રિય છે. આ વાર્તાકારો પેલા ફેમિનિઝમના ખોટા આગ્રહી નથી. તેઓ સ્ત્રીની પીડા લખે તો વર્તમાન સંદર્ભ સાથે પરીપ્રેક્ય પણ રચી આપે છે. હવે લગ્નજીવનના કે કુવારા રહી જવાના પ્રશ્નો પણ જૂદાં છે અને બે પેઢી વચ્ચેના સંઘર્ષ પણ જૂદાં છે અને તે આ વાર્તાઓમાં અભિવ્યક્ત થાય ત્યારે આપોઆપ નવોન્મેષ સિધ્ધ થાય છે.

વાર્તાસંગ્રહ : ફકીરની પાળ **વાર્તાકારઃ** સમીરા દેખૈયા પત્રાવાળા **પ્રકાશકઃ** ઝેન ઓપસ, અમદાવાદ - 380009 **મૂલ્ય : રૂ.225/-**

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

નવું